**Prabhat, Ahmedabad, December 02, 2009**

# ટીસીએસ આઈટી વિઝ-૨૦૦૯ અમદાવાદમાં યોજાશે

અમદાવાદ : ભારતની અગ્રણી આઈટી સર્વિસિઝ બિઝનેસ સોલ્યુશન્સ અને આઉટ સોર્લિંગ કંપની ટીસીએસે જાહેરાત કરતાં જણાવ્યુ હતું કે શાળાઓ માટેની ભારતની સૌથી મોટી ટેક ક્વિઝ ટીસીએમ આઈટી વિઝ ૨૦૦૯ સતત ત્રીજા વર્ષે તારખ ૧ ડિસેમ્બર ૨૦૦૯ ને મંગળવારના રોજ અમદાવાદમાં યોજાશે. ૧૯૯૯ માં શરૂ કરાયેલ ટીસીએસ આઈટી વિઝ ભારતની સૌથી મોટી ટેક ક્વિઝ છે અને તેના ઉચ્ચતમ સ્તર અને સંશોધનને કારણે તે દેશની અન્ય આંતર શાળાકીય ક્વિઝમાં માપદંડ ગણાય છે. ગયા વર્ષે ટીસીએસે આ માટે www.tcs.itwiz.com વેબસાઈટ પણ લોન્ચ કરી છે. આ વર્ષે ૨૯ જુલાઈના રોજ બેંગ્લોરમાં ટીવીએસ આઈટી વિઝનું લોન્ચિંગ કરાયું હતું. ચેન્નાઈ આવૃત્તિ બાદ આ ક્વિઝ હૈદરાબાદ કોઈમ્બતુર, કોલકત્તા, ભુવનેશ્વર, દિલ્હી, કોચી, લખનૌ, મુંબઈ, અમદાવાદ અને પૂણેમાં પણ યોજવામાં આવશે. આ રાષ્ટ્ર વ્યાપી ક્વિઝ વિશ્વમાં થતા નિત નવા સંશોધનોથી તેમને માહિતગારનો ધ્યેય ધરાવે છે.